# સુખ અને સ્વીકારની શોધ

લગ્ન વિશેના ખ્યાલો આપણા દેશમાં ખાસ્સા દૃઢ અને પરસ્પર વિરોધી માન્યતાઓ ધરાવતા રહ્યા છે. અંગ્રેજીમાં જેને પેરાડોક્સ (વિરોધાભાસ) કહીએ છીએ એવું સામાન્ય બુદ્ધિ કે સાદી સમજથી વિપરીત લાગે તેવું અથવા બે પરસ્પર વિરોધી બાબતોનું સમર્થન કરતી આ સંસ્થા છે.

કેટલાક લોકો માને છે કે લગ્ન માણસને બાંધે છે અને બંધાયેલો સંબંધ ગંધાઈ પણ ઊઠે છે. લગ્ન સાથે માલિકીભાવ પ્રવેશે છે. એક સમયે જે બે વ્યક્તિ એકબીજાને ખૂબ ચાહતી હતી અને એકબીજા વિના જીવી શકે એમ નહોતી એ બે વ્યક્તિઓ લગ્ન પછી એકબીજાની સાથે રહી શકે એમ પણ નથી હોતી.

નાની-નાની વસ્તુઓમાં ઊભા થતા ઝઘડા, અપેક્ષાઓ, શંકાકુશંકા અને બીજી કેટલીયે સમસ્યાઓ લગ્નજીવનને તહસનહસ કરી નાખે છે. સપ્તપદીના સાત મંત્રો જે એકબીજાનો હાથ પકડીને બોલાયા હોય છે એમાંનું કશુંય માણસને યાદ રહેતું નથી. એકબીજા પરત્વે ઊભાં થયેલાં – થતાં જતાં મનદુઃખ અને એની સાથે વધતું જતું અંતર લગ્નને એક પરાણે ઊંચકવો પડતો બોજ બનાવી બે વ્યક્તિઓની સાથોસાથ સમગ્ર કુટુંબ માટે ભયાનક પીડા ઊભી કરે છે.

મિત્રો, સગાંવહાલાં કે બીજા હિતેચ્છુઓ સલાહ તો આપે છે, પણ એની પાછળ એમના પોતાના અનુભવો અને માન્યતાઓનો પડછાયો દેખાયા વિના રહેતો નથી.

લગ્ન માત્ર દુઃખ, પીડા કે સમસ્યા છે એવું પણ નથી જ. લગ્ન સાથે જોડાયેલી અનેક કવિતાઓ કે લગ્ન શબ્દ સાથે ઊભી થતી રોમૅન્ટિક કલ્પનાઓ આજે પણ યુવાનોને આકર્ષે છે.

પ્રેમમાં પડેલી દરેક વ્યક્તિ લગ્નને જ જીવનનું અંતિમ ધ્યેય સમજે છે. પ્રેમમાં પડેલી દરેક વ્યક્તિ એમ માને છે કે રોમાન્સની અથવા પ્રેમની આ મનોદશા કાયમ રહેશે. અત્યારે જે દીવાનગી અથવા ઘેલછા છે એ જ હંમેશાં એમની વચ્ચે ધબકતી રહેશે. બીજા લોકોનાં અનેક લગ્નો જોયા પછી પણ પ્રેમમાં પડેલી બે વ્યક્તિઓ એમ જ વિચારે છે કે 'અમારાં લગ્ન બીજા કરતાં જુદાં જ હશે!' પરંતુ લગ્નના એક વર્ષથી શરૂ કરીને સાત વર્ષના ગાળા સુધીમાં લગભગ તમામ લગ્નો સામાન્ય લગ્નો જેવાં જ થઈ જાય છે. રોમાન્સની અને 'આદર્શ લગ્ન'ની બધી જ કલ્પનાઓ, બધાં જ વચનો અને પ્રતિજ્ઞાઓ ધીરેધીરે ઓગળતી-પીગળતી દેખાય છે. એકબીજા પર આક્ષેપ કરવાની શરૂઆત થાય છે અને લગ્નજીવન ભાંગી પડવા માટે એકબીજાને જવાબદાર ઠેરવતાં પતિ-પત્ની ધીમેધીમે એકબીજાથી વિરુદ્ધ દિશામાં પ્રવાસ કરવા લાગે છે.

જો સમાજે જ આ લગ્નની સંસ્થા ઊભી કરી હોય તો છેક પુરાણકાળથી શા માટે લગ્નને એક બંધન તરીકે જોવામાં આવે છે? જે લગ્નો આદર્શ લગ્ન ગણાયાં છે એવાં લગ્નોમાં પણ શા માટે સમસ્યા ઊભી થતી જ રહી છે?

રામ-સીતાનાં લગ્ન જો આદર્શ ગણાતાં હોય તો રામ શા માટે સીતાની અગ્નિપરીક્ષા કરે છે? અને એમાં પણ નિર્દોષ પુરવાર થયેલી સીતાનો શા માટે ત્યાગ કરે છે?

વૃષાલીને પરણેલો કર્ણ શા માટે દ્રૌપદીને ઝંખે છે? ભાનુમતીનો પતિ દુર્યોધન શા માટે દ્રૌપદીના સ્વયંવરમાં જીતવાનો પ્રયાસ કરે છે? પતિનું છદ્મરૂપ લઈને પત્નીની સાથે 'જારકર્મ' કર્યાના દાખલા પુરાણોમાં ઓછા નથી.

લગ્નેતર સંબંધ શા માટે આટલો આકર્ષક શબ્દ છે?

સંબંધ વગરનું લગ્ન સમાજને સ્વીકાર્ય છે, પરંતુ લગ્ન વગરનો સંબંધ સમાજની સંસ્કૃતિના પાયા કેમ હચમચાવે છે?

ડબ્લ્યુ જે. ટર્નરનું એક વાક્ય આપણને વિચલિત કરી મૂકે એવું છે, "લગ્ન એટલે શું? ઘર ચલાવવું, સાથે જમવું અને સાથે શ્વાસ લેતા રહેવું, પ્રેમ, રોમાન્સ કે શરીરના સૌંદર્ય જેવા અદ્‌ભુત આનંદ સાથે આવાં સામાજિક લગ્નને શી લેવાદેવા હોઈ શકે?"

જ્યારે બર્નાડ શૉએ કહ્યું છે કે, "અંગત ઇચ્છાઓ અને જરૂરિયાતો સંતોષવા માટેનું એક તદ્દન બેશરમ જાહેર એકરારનામું એટલે લગ્ન."

રજનીશ કહે છે કે, "માણસ બધું જ શીખી ગયો. ખાતાં-પીતાં કે સમાજમાં જીવતાં, બે પગે ચાલતાં અને વિકાસની તમામ પ્રક્રિયાઓમાંથી પસાર થઈ ગયો, પરંતુ આજ સુધી એ લગ્નસંસ્થાને સ્વીકારી શક્યો નથી, કારણ કે એ સંસ્થા કોઈ રીતે કુદરતી કે માણસની પ્રકૃતિને અનુકૂળ નથી."

જર્મન લેખક ફ્રાન્ઝ કાફકાએ લગ્નવિરોધી ઘણાં વિધાનો કર્યાં છે. વારંવાર સગાઈ કરીને લગ્ન સમયે ગુમ થઈ જતા આ વિચારક અને લેખક લગ્નથી ડરતા હતા. એમણે લખ્યું છે, લગ્નનો વિચાર જ મને ડરાવે છે. પ્રેમમાં પડવું મને ગમે છે, પરંતુ એક જ સ્ત્રી સાથે આખી જિંદગી રહેવાનો વિચાર ભય પ્રેરે છે. મેં જોયું છે કે મોટા ભાગનાં લગ્નો થોડોક જ સમય વીતતાં ડરામણાં બની જાય છે. હું મારા પ્રણયને બિહામણો બનાવવા માગતો નથી, પણ મારા જીવનની સ્ત્રીઓ આ વાત સમજી શકતી નથી. એમને માટે લગ્ન જ દરેક વાતનો ઉકેલ છે એવું હવે મને લાગવા માંડ્યું છે.

મારિયા રિલ્કે, બર્નાર્ડ શૉ અને રવીન્દ્રનાથ ટાગોર જેવા લોકોએ પણ લગ્નસંસ્થામાં પોતાના અવિશ્વાસની વાત ખૂબ દૃઢતાથી કહી છે. બર્ટ્રાન્ડ રસેલે ડોરા બ્લૅક સાથે છૂટાછેડા લેવા માટે એમણે હીન કક્ષાના આક્ષેપો મૂક્યા હતા. એમની પહેલી પત્ની એલિસ સાથે પણ એમનાં લગ્ન ખૂબ જ દુઃખ સાથે પૂરાં થયાં હતાં.

૩૫ વર્ષની ઉંમરે ચાર્લી ચૅપ્લિને પોતાની ૧૬ વર્ષની પ્રેમિકાને બીજા સાથે લગ્ન કરવાની સલાહ આપી હતી. લીટાએ ચૅપ્લિન સાથે જબરજસ્તી લગ્ન કર્યાં, બે સંતાનો પછી પણ એ લગ્ન ટકી શક્યું નહીં.

આવા સમર્થ વિચારકો અને પોતાની આગવી માન્યતા ધરાવતા અનેક લેખકો, વિચારકો, ફિલસૂફો, સાધુઓ કે સ્ટાર અને સેલિબ્રિટીઝ પણ લગ્ન વિશે બહુ ઊંચો અભિપ્રાય રાખતા નથી. ત્યારે એક સવાલ ઊભો થાય છે કે શું ખરેખર લગ્ન કોઈ પીડાદાયક પરિસ્થિતિ છે? જો ખરેખર એમ છે તો સમાજ શા માટે લગ્ન વિશે આટલો આગ્રહ ધરાવે છે? સમાજની

વ્યવસ્થા કે સંસ્કૃતિ શું ફક્ત લગ્નના પાયા પર ટકી છે? જો હા, તો પછી એમાં આટલી પીડા શા માટે થાય છે?

દરેક વ્યક્તિ ઇચ્છે છે કે એનાં લગ્ન આદર્શ હોય, પોતાના જીવનસાથી સાથે સુખ અને આનંદથી જીવવાની દરેકને ઇચ્છા હોય છે. આ જગતની કોઈ પણ વ્યક્તિ એવી નહીં હોય જે પોતાનાં લગ્ન તોડી નાખવા કે કુટુંબને વેરવિખેર કરી નાખવા માટે તૈયાર હોય. તેમ છતાં લગ્નસંસ્થાના પાયા હચમચી રહ્યા છે.

બે વ્યક્તિ જ્યારે લગ્ન કરે છે ત્યારે એક કલ્પના હોય છે સાથે જીવવાની, સંઘર્ષ કરવાની, ઘર વસાવવાની, સંતાનોને જન્મ આપવાની, સંતાનોને ઉછેરવાની, સાથોસાથ ઘરડા થવાની, સંતાનોનાંય સંતાનોને ઉછેરવાની... દરેક લગ્ન લાંબો સમય સાથે રહેવા માટે જ સ્વીકારવામાં આવતું હોય છે.

કોઈ પણ સંબંધને લગ્ન સિવાયના સંબંધને પણ સાદી માવજતની જરૂરિયાત હોય છે, પરંતુ લગ્ન એ એક એવો વિશિષ્ટ સંબંધ છે જે માવજતના અભાવે જ તદ્દન ભાંગી પડતો હોય છે. આ માવજતની કોઈ વ્યાખ્યા નથી. લગ્નને 'આદર્શ' બનાવવા માટેની કોઈ અકસીર ફૉર્મ્યુલા નથી. ગણિતના દાખલાની જેમ નિશ્ચિત જવાબ મેળવવા માટે કરવામાં આવતી કોઈ નિશ્ચિત રીત લગ્નની બાબતમાં કામ લાગતી નથી.

તેમ છતાં લગ્ન સફળ બનાવી શકાય છે. બે વ્યક્તિ સુખ અને સંતોષથી સાથે જીવી શકે છે. સ્નેહ જીવનભર અખૂટ અને અવિરત રહે એવી શક્યતા છે જ!

ભાંગી ગયેલાં, તૂટી ગયેલાં લાગતાં, મૃતઃપ્રાય થઈ ગયેલાં લગ્ન પણ ફરીથી નવપલ્લવિત થઈ શકે છે.

જરૂર છે થોડી સમજદારીની, થોડા સ્વીકારની, થોડા પ્રયત્નની અને થોડા સમાધાનની.

આ 'થોડા'નું પ્રમાણ દરેક લગ્નમાં, દરેક વ્યક્તિની જરૂરિયાત અને પ્રકૃતિ મુજબ બદલાતું રહે છે, પરંતુ જો આ ચાર જ બાબતોને યોગ્ય રીતે, યોગ્ય સમયે અને યોગ્ય પ્રમાણમાં ઉપયોગમાં લેવામાં આવે તો જગતનું કોઈ પણ લગ્ન દુઃખી, બંધનકર્તા, બોજારૂપ કે મુશ્કેલ ન રહે એવો મારો અનુભવ છે.

આ પુસ્તકનાં પ્રકરણો વાચકને ધીમેધીમે એક નવી દુનિયામાં લઈ જશે. અહીં તમને તમે કરેલી ભૂલો સમજાશે. તમે ક્યાં અને કઈ રીતે ખોટા હતા એ પણ તમારું મન સમજશે, પરંતુ ત્યાંથી અટકી ન જતા. માત્ર ભૂલ સ્વીકારી લેવાથી પરિસ્થિતિ બદલી શકાતી નથી. એ ભૂલમાંથી બહાર નીકળવાનો પ્રયાસ પણ કરવો જ પડે છે.

ગઈ કાલ સાંજ સુધીની તમામ ભૂલોને ઓળખી લઈને આજ સવારથી એ ભૂલોની તમારા જીવનમાંથી બાદબાકી કરશો તો જ તમને એક આદર્શ સંબંધ મળશે.

લગ્નેતર સંબંધમાં સમાધાનો કરવાં, જૂઠું બોલવું, જાતને અને બીજાને છેતરવા, અસલામતીની પીડામાંથી પસાર થવું અને સાથોસાથ સમાજની નજરમાં નીચા પડવું, બાળકોની નજરમાં પણ ગુનેગાર સાબિત થવું... આ બધું સહન કરવાને બદલે જે સંબંધ તમે તમારા મનથી

સમાજની સામે સ્વીકાર્યો છે તે સંબંધમાં રહેલી ઊણપોને શોધીને દૂર કરવાથી કદાચ વધુ શાંતિમય અને સુખમય જીવન મળી શકે છે.

આ પુસ્તક ગીતા, કુરાન, બાઇબલ કે ગ્રંથસાહેબ નથી જ! આ પુસ્તક વાંચવાથી કોઈ જાદુઈ લાકડી નહીં ફરે. આ પુસ્તક વાંચી લેવાથી તમારાં લગ્ન બગડ્યાં હશે તો સુધરી નહીં જાય અને થવાનાં હશે તો આદર્શ પુરવાર નહીં થાય.

આ પુસ્તકમાં કેટલાક એવા અનુભવો છે, કેટલીક એવી માહિતી અને વૈજ્ઞાનિક પદ્ધતિ છે જેને તમારે સમજી, ઓળખીને અપનાવવી પડશે. તમારે જો તમારું લગ્ન સુખમય બનાવવું હોય તો તમારી પોતાની ફૉર્મ્યુલા આ પુસ્તકમાં આપેલી વિગતો, માહિતીઓ અને અનુભવોના આધારે શોધી કાઢવી પડશે.

ટૂંકમાં, આ એક પીરસેલી થાળી છે. તમારે કઈ રીતે, શું અને કેટલું જમવું છે એ તમારે નક્કી પણ કરવું પડશે, તમારા પોતાના હાથથી જમવું પણ પડશે અને કોળિયા ચાવીને ગળે ઉતાર્યા બાદ પચાવવા પણ પડશે.

જે સંબંધ તમારે જીવવાનો છે એ સંબંધ કઈ રીતે જીવવાથી શાંતિ અને સુખ મળે એ દિશા કોઈ બતાવી શકે, પરંતુ એ દિશામાં પગ ઉપાડીને જવાનું તો તમારે પોતે જ રહે છે. તમારે બદલે કોઈ પ્રવાસ કરે, તમારે બદલે કોઈ જમી લે, તમારે બદલે કોઈ દવા લે કે તમારે બદલે કોઈ તમારું લગ્ન સુધારી શકે એ શક્ય નથી.

માણસમાત્રને સુખ અને સ્વીકારની શોધ હોય છે. શાંતિ એનું પરમ ધ્યેય હોય છે.

આ મેળવવા માટે ક્યાંય બહાર જવાની, ભટકવાની કે શોધ કરવાની જરૂર નથી હોતી. આ ત્રણેય તત્ત્વો તમારી અંદર જ છે. તમારી ત્વચા, લોહી અને માંસની જેમ તમારા અસ્તિત્વનો ભાગ છે. તમારી અંદરથી એને શોધી કાઢીને એને તમારા રોજિંદા જીવનનો ભાગ બનાવવો એ તમારી ફરજ છે.

ઈસુ ખ્રિસ્તે કહ્યું હતું એમ, 'જેણે પાપ ના કર્યું હોય એ પહેલો પથ્થર મારે.' આપણે સહુ આ વાક્યને યાદ રાખીને જીવવાનો પ્રયાસ કરીશું તો કદાચ કોઈ એકબીજાને પથ્થર નહીં મારે!

કાજલ ઓઝા વૈદ્ય


kaajalozavaidya@gmail.com

www.kaajalozavaidya.in

www.facebook.com/Kaajalozavaidya

www.instagram.com/kaajalov

www.imdb.com/name/nm૫૩૭૫૩૬૫

KaajalozavaidyaMyOwn

# અનુક્રમણિકા


1. લગ્ન કરવાની ઉંમર . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . 1
2. અરેન્જ મૅરેજ વર્સિસ લવ મૅરેજ . . . . . . . . . . . . . . . . . . . . . . .11
3. સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબ . . . . . . . . . . . . . . . . . . . . . 20
4. કોર્ટશિપ અને હનિમૂન . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . 30
5. લગ્ન પહેલાં અને પછી ઈસ્યૂઝ અને એડજેસ્ટમેન્ટ . . . . . . . . . . . . 42
6. ખોરાકની પસંદગી . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . 60
7. એકબીજાનાં માતાપિતા સાથેના સંબંધો . . . . . . . . . . . . . . . . . 67
8. એકબીજાને સમય આપવાના પ્રશ્ન . . . . . . . . . . . . . . . . . . . . 76
9. પતિની ન ગમતી આદતો . . . . . . . . . . . . . . . . . . . . . . . . . 88
10. પત્નીની ન ગમતી આદતો . . . . . . . . . . . . . . . . . . . . . . . . 96
11. મહત્ત્વાકાંક્ષા અને મતભેદ . . . . . . . . . . . . . . . . . . . . . . . .108
12. પુરુષના અન્ય કોઈ સ્ત્રીમિત્રો સાથેના સંબંધો. . . . . . . . . . . . . . 120
13. સ્ત્રીના અન્ય કોઈ પુરુષમિત્રો સાથેના સંબંધો. . . . . . . . . . . . . . 129
14. એકબીજાને મોકળાશ, સ્પેસ આપવાના પ્રશ્નો. . . . . . . . . . . . . . . .138
15. પુરુષ કરતાં વધારે કમાતી પત્ની અને હાઈપ્રોફાઈલ લાઈફના પ્રશ્નો. . .148
16. બાળકોના જન્મ પછીની મુશ્કેલીઓ . . . . . . . . . . . . . . . . . . . .159
17. બાળકોના ઉછેર અંગેની પરસ્પર વિરુદ્ધ માન્યતાઓ . . . . . . . . . . . 170
18. છૂટાછેડા અગ્રે ડિવોર્સ. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .186
19. સેક્સ . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .193
20. સેલ્ફ કાઉન્સેલિંગઃ લગ્ન પહેલાં. . . . . . . . . . . . . . . . . . . . . . 206
21. સેલ્ફ કાઉન્સેલિંગઃ લગ્નના કેટલાંક વર્ષો પછી. . . . . . . . . . . . . . 219